રાજ્યમાં કોરોનાના નવા ૧૫૯૮ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૫ લોકોનાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૭૬૯૦૭૭૯ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૮૭૯૬૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં કુલ ૧૫૯૮ કેસ નોંધાયા હતા. ૧૫૨૩ દર્દીઓને સાજા થતા રજા આપવામાં આવી હતી. આજે ગુજરાતમાં કુલ ૧૫ લોકોના મોત થયા હતા. મોતનો આંકડો વધીને હવે ૩૯૫૩ ઉપર પહોંચી ગયો છે. સતત આઠમાં દિવસે અમદાવાદ શહેરમાં કોરોના વાયરસના ૩૦૦થી વધુ કેસ નોંધાયા છે. કોવિડ-૧૯ની પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ કેસ ઘટવાના બદલે વધી રહ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૩૨ કેસ નોંધાયા છે. જ્યારે સુરત શહેરમાં ૨૨૮, વડોદરામાં ૧૩૮ નવા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત રાજકોટમાં પણ કેસ વધી રહ્યા છે. અમદાવાદમાં કોરોના વાયરસના કેસ વધવાની સાથે મૃત્યુ પણ વધી રહ્યા છે. અમદાવાદમાં સતત બીજા દિવસે કોરોનાથી ૧૦ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં કોરોના વાયરસના ૩૩૨ નવા કેસ નોંધાયા છે. તેની સામે ૩૫૧ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. અમદાવાદ જિલ્લામાં ૨૫ કેસ નોંધાયા છે અને ૨૭ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં અમદાવાદ બાદ સુરત શહેર કોવિડ-૧૯થી સૌથી વધારે અસરગ્રસ્ત છે. સુરતમાં પણ છેલ્લા ઘણા દિવસોથી દૈનિક ૨૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. સુરતમાં ૨૪ કલાકમાં ૨૨૮ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૮૦ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. સુરત જિલ્લામાં પણ કેસની સંખ્યા ઘટી રહી નથી. સુરત જિલ્લામાં ૫૬ નવા કેસ નોંધાયા છે અને ૪૧ દર્દીઓ સાજા થયા છે. સુરત શહેરમાં કોવિડ-૧૯ના કારણે બે લોકોના મોત થયા છે. અમદાવાદ અને સુરત બાદ વડોદરા અને રાજકોટમાં પણ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. વડોદરામાં ૧૩૮ નવા કેસ નોંધાયા છે અને ૧૨૩ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. વડોદરા જિલ્લામાં ૪૧ કેસ નોંધાયા છે અને ૨૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. રાજકોટ શહેરમાં ૯૮ નવા કેસ નોંધાયા છે. તેની સામે ૮૯ દર્દીઓ સાજા થયા છે. રાજકોટ જિલ્લામાં ૫૩ કેસ નોંધાયા છે અને ૪૩ દર્દીઓ સાજા થયા છે. રાજકોટ શહેરમાં અને વડોદરા જિલ્લામાં કોરોનાથી એક-એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે.

વેન્ટિલેટરમાં સ્પાર્ક થતાં હોસ્પિટલમાં આગ લાગી

રાજકોટ હોસ્પિટલની આગમાં ખુલાસો કરાયો : પાંચ જણાંનો ભોગ લેનારી આગમાં ઈજા પામેલા ૨૧ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનો હોસ્પિટલનો દાવો

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં આવેલી ઉદય કોવિડ હોસ્પિટલમાં આગ લાગતા ૫ લોકોનાં મૃત્યું થયા હતા. જેને લઈને આજે મોટી બેઠક કરવામાં આવી હતી. જેમા ઉદય હોસ્પિટલના ડૉ. તેજસ કરમટાનું મોટું નિવેદન સામે આવ્યું છે. હોસ્પિટલમાં લાગેલી આગ મામલે ડૉ. તેજસ કરમટાએ કહ્યું એલએન્ડટી અને ધમણ વચ્ચે સ્પાર્ક થતા આગ લાગી. આઈસીયુમાં ૩થી ૪ કંપનીના વેન્ટિલેટર હતા.

સમગ્ર મામલે આગ લાગવા મામલે ઉદય હોસ્પિટલના ડૉ. તેજસે કહ્યું કે એલએન્ડટી અને ધમણ વેન્ટિલેટર વચ્ચે સ્પાર્ક થયો હોવાનો અંદાજ છે.

આગમાં સપડાયેલા ૨૧ દર્દીઓની તબિયત સારી છે. હોસ્પિટલમાં બે દરવાજા હતા.

રાજકોટમાં હોસ્પિટલમાં આગની ઘટના બાદ તંત્ર સફાળું જાગેલું જોવા મળ્યું છે. આ મામલે સર્કિટ હાઉસ ખાતે તંત્ર દ્વારા પોલીસ-કલેકટરના ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવી હતી. આ બેઠક માં ઉદય કોવિડ હોસ્પિટલના ડોકટર તેજસ કરમટા પણ હાજર રહ્યાં હતા. આ બેઠકમાં એસઆઈટીના અધિકારી મનોહરસિંહ જાડેજા તેમજ ઉચ્ચ અધિકારી એ કે રાકેશ પણ ઉપસ્થિત રહ્યાં. ઉલ્લેખનીય છે કે ગઈ કાલે રાજકોટ ઉદય શિવાનંદ હોસ્પિટલમાં આગ લાગી હતી. જેમા ૫ લોકોનાં મોત નીપજ્યા હતા.

સી-પ્લેન સેવા બંધ, પ્લેન માલદીવ પાછું મોકલાયું

થોડા દિવસ પહેલાં મોદીએ સેવાની શરૂઆત કરાવી હતી : પ્લેનના મેઈન્ટેનન્સની સમસ્યાથી સેવા અસ્થાયીરૂપે બંધ

અમદાવાદ, તા.૨૮

થોડાક દિવસો પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદથી કેવડિયા માટે સાબરમતી રિવરફ્રન્ટમાં જે સી પ્લેન સેવાની શરૂઆત કરી હતી જેને હજી એક મહિનો પણ પૂરો થયો નથી અને ઓછા સમયની અંદર અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવી છે. સી પ્લેનમાં મેન્ટેનન્સ સંબંધિત સમસ્યાઓના કારણે આ

સેવાને હાલ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવી છે. ૧૯ સીટર આ પ્લેનને આજે માલદીવ પરત મોકલવામાં આવ્યું છે.

મળતી માહિતી અનુસાર સી-પ્લેન સેવા અનિશ્ચિત મુદત સુધી બંધ રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ૩૧ ઓક્ટોબરે પીએમ મોદી દ્વારા તેનું લોકાર્પણ કરાયું હતું. પરંતુ હવે પ્લેન આજે સર્વિસ માટે માલદીવ જશે. કંપનીએ સી-પ્લેનનું બુકિંગ બંધ કર્યું છે. જેમા ફ્લાઈટ ઉપલબ્ધ ન હોવાની માહિતી આપવામાં આવી રહી છે. સી પ્લેનની સેવા ૧ નવેમ્બરના રોજ શરૂ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સરદાર વલ્લભભાઇ પટેલની ૧૪૫ મી જન્મજયંતિ નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૩૧ ઓક્ટોબરના રોજ ભારતની પ્રથમ સી-પ્લેન સેવાનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. કેવડિયામાં આયોજિત એક કાર્યક્રમમાં પીએમ મોદીએ સ્ટેચ્યુ ઑફ યુનિટીથી સાબરમતી નદી સુધીની આ સી-પ્લેન સેવા શરૂ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ઝાયડસ બાયોટેક દ્વારા વિકસાવાઈ રહેલી કોવિડ-૧૯ રસીના નિર્માણકાર્યની સમીક્ષા-નિરીક્ષણ માટે ગુજરાતની ટૂંકી મુલાકાતે આવી પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ વેળાએ વડાપ્રધાનના સ્વાગત સત્કાર માટે પોલીસ મહાનિદેશક આશિષ ભાટિયા, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાની, અમદાવાદ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ, જિલ્લા કલેકટર સંદીપ સાગલે અને ચીફ પ્રોટોકોલ ઓફિસર તેમજ અધિક સચિવ જ્વલંત ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ એરપોર્ટ ખાતેથી હેલિકોપ્ટર દ્વારા વડાપ્રધાન કોવિડ-૧૯ રસીના નિર્માણકાર્યની સમીક્ષા કરવા ચાંગોદરમાં આવેલા ઝાયડસ બાયોટેક પાર્કની મુલાકાતે અર્થે રવાના થયા હતા.

ખેડૂતોમાં સંતોષ : મોડાસામાં ટેકાના ભાવે મગફળી કેન્દ્ર પર વધુ બે વજન કાંટા મુકાયા

ટેકાના ભાવે મગફળીમાં વધુ કપાત થતી હોવાની બૂમ

મોડાસા, તા. ૨૮

દિવાળી પહેલા ખુલ્લા બજારમાં ખેડૂતોને મગફળીના ભાવ સરકારે જાહેર કરેલ ટેકાના ભાવની આસપાસ મળી રહેતા ટેકાના ભાવે રજીસ્ટ્રેશન કરાવ્યુ હોવા છતાં ખુલ્લા બજારમાં મગફળી વેચાણ કરતા ખરીદ

કેન્દ્રો પર કાગડા ઉડતા હોય તેવી સ્થિતિ જોવા મળતી હતી. દિવાળી તહેવારો પછી ખુલ્લા બજારમાં મગફળીના ભાવ અપુરતા મળતા ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર લાઈન લગાવી દીધી છે.

મોડાસા અને માલપુર ખરીદ કેન્દ્ર પર ૫૦ થી વધુ ખેડૂતો મગફળી લઈ પહોંચતા વાહનોની લાઈન લાગી હતી. ખરીદ કેન્દ્રો મગફળીથી ઉભરાઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે તંત્રએ ૭ કેન્દ્ર શરૂ કર્યા છે. જિલ્લાના ૨૦૬૧૩ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. મોડાસા તાલુકામાં ૪૦૭૬ જેટલા ખેડૂતોએ મગફળી વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

જિલ્લાના ખરીદ કેન્દ્રો પર અનેક અડચણોથી ખેડૂતો ત્રાહિમામ બન્યા છે.

મોડાસાના બાજકોટ માર્કેટયાર્ડમાં ઉભા કરાયેલ ટેકાના ભાવે મગફળી કેન્દ્ર પર બે જ વજન કાંટા હોવાથી મગફળીની ધીમી ખરીદી થતાં ખેડૂતોની હાલત કફોડી બનતા આ અંગેનો અહેવાલ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા તંત્રએ વધુ બે કાંટા વધારતા મગફળી ખરીદીની પ્રક્રિયા ઝડપી થતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.

ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર મગફળીમાં વધુ કપાત કરવામાં આવતી હોવાની બૂમો ઉઠી છે. સરકારે પ્રતિ બારદાન ૩૧,૨૦૦ કિલોગ્રામ ભરવાનો નિયમ બનાવ્યો છે ત્યારે ખેડૂતો પાસેથી પ્રતિ બારદાન ૨૫૦ થી ૩૦૦ ગ્રામ વધુ કપાત કરવામાં આવતી હોવાની બૂમ ઉઠી છે.

પ્રાંતિજના કતપુર ગામની સીમમાં આવેલ બોખમાંથી અજાણી ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર ગામની સીમમાં આવેલ બોખમાંથી અજાણી ચાર વર્ષની બાળકીનો મૃત હાલતમાં પાણીમાં ડુબેલો મૃતદેહ મળી આવ્યો.

પ્રાંતિજના કતપુર પાસે આવેલ બોખમાં પાણીમાં તરતી કિનારા પાસે અંદાજે ચાર વર્ષની અજાણી બાળકીનો મૃતદેહ દેખાતા ગ્રામજનો સહિત ગામના સરપંચ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સરપંચ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી પાણીમાંથી બાળકીનો મૃતદેહ કાઢવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા મૃતક બાળકીનો પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી આપી હતી. પ્રાંતિજ પોલીસ દ્વારા આજુબાજુમાં રહેતા પરીવારની પુછપરછ સહિતની તપાસ હાથ ધરી હતી. ત્યારે હાલ તો આ બાળકી કોણ છે, ક્યાંની છે, કેવી રીતે પાણીમાં ગરકાવ થઈ તે સહિતની તપાસ પ્રાંતિજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

વેક્સિનના ટ્રાયલ માટે નવ વર્ષની બાળકી પહોંચી ગઈ

સોલા હોસ્પિટલમાં કોરોના વેક્સિનની ટ્રાયલ ચાલુ : ૧૮ વર્ષથી વધુની વ્યક્તિ જ ટ્રાયલમાં ભાગ લઈ શકે એમ હોઈ બાળકીને સમજાવીને પાછી મોકલવામાં આવી

અમદાવાદ, તા.૨૮

સોલા સિવિલ હોસ્પિટલમાં જ્યારે નવ વર્ષની એક બાળકી કોરોનાની રસી લગાવવા માટે પહોંચી ત્યારે ડોક્ટરો પણ આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. હાલ આખા ગુજરાતમાં આ હોસ્પિટલમાં ભારત બાયોટેક દ્વારા બનાવાયેલી કોરોનાની રસીની ટ્રાયલ ચાલી રહી છે. રસીની ટ્રાયલ સાથે સંકળાયેલા એક અધિકારીના જણાવ્યા અનુસાર, બાળકીનો જુસ્સો બીજા લોકોને પણ પ્રોત્સાહિત કરે તેવો હતો. જોકે, ગાઈડલાઈન અનુસાર, ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા લોકો જ રસીના પરિક્ષણમાં ભાગ લઈ શકે તેમ હોવાથી ડૉક્ટરોએ બાળકીને સમજાવીને ઘરે પાછી મોકલી હતી. બાળકીના માતા-પિતાએ પણ રસીના પરીક્ષણમાં ભાગ લેવા માટે પોતાનું નામ લખાવ્યું છે. શુક્રવારે હોસ્પિટલમાં વધુ સાત લોકોએ રસીની ત્રીજા તબક્કાની ટ્રાયલ હેઠળ પહેલો ડોઝ લીધો હતો. આ રસીના બે ડોઝ ૩૦ દિવસના ગાળામાં આપવામાં આવશે. હાલ દેશના ૨૧ સેન્ટર્સમાં રસીનું ત્રીજા તબક્કાનું ટ્રાયલ ચાલી રહ્યું છે, અને ૨૬ હજાર વોલેન્ટિયર્સ તેમાં હિસ્સો લઈ રહ્યા છે. ૧૮થી ૬૦ વર્ષનો કોઈપણ સ્વસ્થ વ્યક્તિ આ રસી લઈ શકે છે. તેનો ડોઝ આપ્યા બાદ ૩૦ મિનિટ સુધી વ્યક્તિને ઓબ્ઝર્વેશનમાં રાખી ઘરે જવા દેવાય છે. રસી આપ્યા બાદ ડૉક્ટર્સ તેના સંપર્કમાં રહી રસીની શરીરમાં શું અસર થઈ તે ચેક કરતા રહે છે. દરેક વોલેન્ટિયર્સને એક વર્ષ સુધી દર મહિને હોસ્પિટલમાં ચેક-અપ માટે આવવાનું રહે છે. જે કોઈ વ્યક્તિ આ ટ્રાયલમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓ સોલા સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગનો સોમથી શુક્ર દરમિયાન સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી સંપર્ક કરી શકે છે. રસી મૂકાવતા પહેલા તેમનું ચેક-અપ પણ કરાય છે.

રસી માટે એનરોલ થતી વખતે ૧૦ પેજનું એક ફોર્મ ભરવાનું રહે છે. જેમાં રસીની સંભવીત સાઈડ ઈફેક્ટ્સ ઉપરાંતની બીજી ઘણી વિગતો દર્શાવાઈ હોય છે. તે તમામ પર સહમતી આપ્યા બાદ જ વ્યક્તિને રસીનો ડોઝ આપવામાં આવે છે.

‘મિશન વેક્સિન’

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને વડાપ્રધાને જાત નિરીક્ષણ કર્યું હતું. અહીં આવેલાં તમામ બાયોરિએક્ટર અને પરીક્ષણ સેન્ટર ખાતે તેમને રસીનાં પરીક્ષણને લગતી તમામ માહિતી પટેલ આપી રહ્યા હતા. પ્લાન્ટના અલગ-અલગ વિભાગમાં વડાપ્રધાનની સાથે રહીને ઝાયડ્સના ચેરમેને વિગતવાર પરીક્ષણના અનુસંધાને માહિતી આપી હતી.

વડાપ્રધાન મોદી ઝાયડ્સની કોરોના વેક્સિન પર કામ કરી રહેલા વૈજ્ઞાનિકો સાથે મળીને ફેઝ-૨નાં પરિણામો પર ચર્ચા કરી હતી. ઝાયડ્સની રસીનું બીજા તબક્કાનું પરીક્ષણ ઓગસ્ટમાં શરૂ થયું હતું અને નવેમ્બરની શરૂઆત સુધી ચાલ્યું હતું. મળતી વિગતો મુજબ, વડાપ્રધાન અને પંકજ પટેલ વચ્ચે ફેઝ-૩ની શરૂઆત અંગે પણ ચર્ચા કરી હતી. કંપનીએ અગાઉ ડિસેમ્બરથી ત્રીજા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવાની પણ વાત કરી હતી.

ઝાયડ્સ બાયોટેક પાર્કની મુલાકાત બાદ મોદીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને કહ્યું હતું, ઝાયડ્સ કેડિલામાં બની રહેલી ઢ્ઢછ આધારિત રસી વિશે જાણવા પ્લાન્ટની મુલાકાત લીધી. સમગ્ર ટીમની કામગીરી પ્રશંસનીય છે અને ભારત સરકાર તેમના પ્રયત્નોમાં તેમની સાથે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોના વેક્સીનની કામગીરીના જાતનિરીક્ષણ માટે આજે સવારે અમદાવાદની ઝાયડસ ફાર્માના પ્લાન્ટની મુલાકાતે પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ સીધા હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેકના પ્લાન્ટમાં પહોંચી વિજ્ઞાનીઓ સાથે કોરોના રસીની કામગીરીની સમીક્ષા કરી હતી. ત્યાંથી પીએમ મોદી પુણે એરપોર્ટ પહોંચ્યા હતા. પુણે એરપોર્ટથી હેલિકોપ્ટરમાં તેઓ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પ્લાન્ટ પર પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે કોરોના રસીની કામગીરી માટે ત્રણ શહેરોની મુલાકાત લીધી હતી. સૌથી અંતમાં તેઓ પુણે આવી પહોંચ્યા છે. પુણેમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત બાદ વડાપ્રધાન મોદી નવી દિલ્હી પરત ફરશે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા વૈશ્વિક ભાગીદારો એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સહયોગથી રસી વિકસાવવાની કામગીરી કરી રહ્યું છે.

પીએમએ એસઆઈઆના પ્લાન્ટની મુલાકાત લઈ વેક્સીનની કામગીરીની સમીક્ષા કરી હતી.

સૌપ્રથમ પીએમ મોદીએ અમદાવાદમાં ચાંગોદરમાં આવેલા ઝાડયસ બોયટેક ફાર્મમાં ઝાયડસ ફાર્માની મુલાકાત લઈ ત્યાં ચાલી રહેલી કોરોના વેક્સીનની કામગીરીની સમીક્ષા કરી હતી. ઝાયડસ ફાર્માના ચેરેમન પંકજ પટેલ તેમજ મેનેજિંગ ડિરેક્ટર શર્વિલ પટેલ અને વિજ્ઞાનીઓ સાથે પીએમએ વિસ્તારપૂર્વક બેઠક કરી વેક્સીનની કામગીરીની માહિતી મેળવી હતી.

કરાર કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોલ્ડ ચેઈન બનાવશે જેમાં સોલાર સંચાલિત રેફ્રિજરેટર્સ, ફ્રીઝર અને બોક્સ પણ શામેલ હશે જેમાં રસી એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવશે. તેમ છતાં પ્લાન્ટને સંપૂર્ણ રીતે તૈયાર થવા માટે લગભગ ૨ વર્ષનો સમય લાગશે, પરંતુ કંપનીએ લક્ઝમબર્ગથી રેફ્રિજરેશન બોક્સની માગ કરીને તરત જ કામ શરૂ કરવાનું નક્કી કર્યું છે.

આ રેફ્રિજરેટેડ ટ્રાન્સપોર્ટ બોક્સ -૪ સે થી -૨૦ સે તાપમાન સાથે રસી પહોંચાડવામાં સમર્થ હશે. જો કે, લક્ઝમબર્ગ સ્થિત આ કંપની પાસે રસી એક જગ્યાએથી બીજી જગ્યાએ માઈનસ ૮૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં પહોંચાડવાની તકનીક છે. વિદેશ પ્રધાન એસ. જયશંકર લક્ઝમબર્ગના પ્રસ્તાવની વ્યક્તિગત દેખરેખ રાખી રહ્યા છે. યુરોપિયન યુનિયનમાં ભારતના રાજદૂત સંતોષ ઝાએ પણ ૨૦ નવેમ્બરના રોજ કંપનીના સીઈઓ અને ડેપ્યુટીઝના સીઈઓ સાથે કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે વાતચીત કરી છે. સોલાર, કેરોસીન, ગેસ અને વીજળી દ્વારા સંચાલિત રેફ્રિજરેટેડ બોક્સ માર્ચ ૨૦૨૧ સુધીમાં ભારતમાં પહોંચાડવામાં આવે તેવી સંભાવના છે. બી.બી. બીજા પગલા તરીકે. મેડિકલ સિસ્ટમ્સ કંપની ગુજરાતમાં એક રેફ્રિજરેટેડ રસી પરિવહન પ્લાન્ટ સ્થાપશે જેથી ભારત આ મામલે માત્ર આત્મનિર્ભર ન બની શકે, પરંતુ અન્ય દેશોમાં પણ નિકાસ થઈ શકે. બી.મેડિકલ સિસ્ટમનો તબીબી ઉપકરણો બનાવતી વિશ્વની ટોચની કંપનીઓમાં સમાવેશ થાય છે. તેની સ્થાપના ૧૯૭૯ માં કરવામાં આવી હતી જ્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા તેની મધર કંપની ઈલેક્ટ્રોલક્સનો વિશ્વભરમાં રસી લઈ જવા માટે સંપર્ક કરાયો હતો. બ્લડ બેંકો અને પ્લાઝ્મા સ્ટોરેજ રેફ્રિજરેટર્સના મામલે પણ કંપની મોખરે છે.

૪૪ દર્દીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડતા તે મુજબ સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે સિવિલ હોસ્ટિલમાં સારવાર લેતા આ દર્દીઓ પૈકી ૩૧ વેન્ટીલેટર પર છે. આ ઉપરાંત આશ્કા હોસ્પિટલમાં પણ ૯૦ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે ગોયન્કામાં ૪૦ અને એસ એમ પી એસમાં ૨૮ અને સરમાઉન્ટ હોસ્પિટલમાં પણ ૪ દર્દીઓ સારવાર હેઠળ છે. સિવિલ હોસ્પિટલ સહીત અન્ય ખાનગી હોસ્પિટલની સાથે કુલ ૪૪ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે. જયારે ૧૧૧ દર્દીઓ ઓક્સિજન પર છે. કોરોનાની મહામારીએ ગંભીર સ્વરૂપ લીધુ છે. ત્યારે ગભરાયા વિના નાગરિકોએ સાવધ અને જાગૃત રહેવાની અનિવાર્યતા છે. કામ સિવાય ઘરની બહાર ન નિકળવા ઉપરાંત માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય તે માટે પણ પ્રત્યેક નાગરિકોએ જાગૃત રહીને સરકારી ગાઈડલાઈનનુ પાલન કરવુ પડશે. નહીંતર આગામી દિવસોમાં કોરોનાના સંક્રમણને કાબુમાં લેવાનુ મુશ્કેલ બની શકે છે. કોરોનાને કાબુમાં લેવા માટે હવે સ્વંયભુ જનતા કરફ્યુ પાળવાની પણ અનિવાર્યતા છે. સિવિલ હોસ્પિટલમાં વેન્ટીલેટર પર સારવાર લેતા દર્દીઓની સંખ્યા વધી છે. જયારે કોરોનાના વધતા કહેર વચ્ચે મૃત્યુઆંક પણ વધ્યો છે. ત્યારે કોરોનાની કાટ હજુ મળી નથી ત્યારે વડીલો તેમજ બિમાર વ્યકિતઓએ વિશેષ તકેદારી રાખવાની અનિવાર્યતા છે.

૬૦ ટકા સંપન્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાઈનું વાવેતર ૭૧૫ હેક્ટરમાં નોંધાયુ છે. તમાકુનુ વાવેતર ૨૮૧૩ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં દહેગામ તાલુકામાં આ વખતે ૧૯ હેક્ટરમાં ધાણાનું વાવેતર પણ નોંધાયુ છે. વરિયાળીનું ૮૯૭ હેક્ટરમાં વાવેતર થયુ છે. જિલ્લામાં બટાટાનું વાવેતર ૭૬૮૬ હેક્ટરમાં નોંધાયુ છે. દહેગામમાં ૩૩૭૮ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૫૩૦ હેક્ટરમાં, કલોલમાં ૫૦ હેક્ટરમાં અને માણસામાં ૧૮૨૮ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. વાવેતર વિસ્તારમાં હજુ થોડીક વૃદ્ધિ થવાની શક્યતાઓ હોવાનું ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે. શાકભાજીનું વાવેતર ૫૧૩૦ હેક્ટરમાં નોંધાયુ છે. શાકભાજીનું વાવેતર ૨૩૨૮ હેક્ટરમાં, કલોલમાં ૩૬૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૦૦૮ હેક્ટરમાં અને દહેગામમાં ૧૪૨૭ હેક્ટરમાં નોંધાયુ છે. ઘાસચારાનું વાવેતર ૧૨,૬૨૨ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં સૌથી વધુ વાવેતર માણસા તાલુકામાં ૧૪૦૪૫ હેક્ટરમાં, દહેગામમાં ૧૨,૩૭૭ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૦૨૦૬ હેક્ટરમાં અને કલોલમાં ૪૨૩૦ હેક્ટરમાં નોંધાયુ છે.

કંપની સમાચાર

બર્ગર કિંગ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ બિડ/ઓફર બીજીએ ખુલશે

પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરદીઠ રૂ. ૫૯ થી રૂ. ૬૦ બિડ/ઓફર ૨ ડિસેમ્બર, બુધવારથી ૪ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી ખુલ્લી રહેશે

પ્રથમ પાંચ વર્ષની કામગીરી દરમિયાન રેસ્ટોરાંની સંખ્યાને આધારે ભારતમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતી ઈન્ટરનેશનલ ઊજીઈ ચેઈન પૈકીની એક બર્ગર કિંગ ઈન્ડિયા લિમિટેડ (“કંપની”) (સ્રોત ટેકનોપેક)ની રૂ. ૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ) ૨ ડિસેમ્બર, ૨૦૨૦ને બુધવારે ખુલશે (“ઈક્વિટી શેર” અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, “ઓફર”). બિડ/ઓફરનો ગાળો ૪ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરો થશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૯થી રૂ. ૬૦ નક્કી કરવામાં આવી છે.

આઈપીઓમાં કંપનીના રૂ. ૪,૫૦૦ મિલિયન સુધીના કુલ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ (“ફ્રેશ ઈશ્યૂ”) અને ઊજીઈ એશિયા પ્રાઈવેટ લિમિટેડ (“પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર”)નાં ૬૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર (“ઓફર ફોર સેલ”, અને ફ્રેશ ઈશ્યૂ સાથે “ઓફર”) સામેલ છે.

કંપનીએ (૧) ૨૩ મે, ૨૦૨૦ના બોર્ડના ઠરાવના સંબંધમાં ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૪ની કિંમતે રૂ. ૫૮૦.૮૦ મિલિયન પર રોકડ માટે પ્રમોટર સેલિંગ શેરહોલ્ડરને ૧,૩૨,૦૦,૦૦૦ ઈક્વિટી શેરના રાઈટ્સ ઈશ્યૂ કરીને અને (૨) ૧૮ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બોર્ડના ઠરાવના સંબંધમાં મ્ઈન્સ્જ સાથે ચર્ચા કરીને ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૮.૫૦ની કિંમતે કુલ રૂ. ૯૧૯.૨૦ મિલિયન રોકડ માટે છૈંન્ને ૧૫,૭૧૨,૮૨૦ ઈક્વિટી શેરની પ્રેફરેન્શિયલ ફાળવણી મારફતે પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પ્રક્રિયા હાથ ધરી છે. પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટના સંબંધમાં રૂ. ૬,૦૦૦ મિલિયન સુધીના ફ્રેશ ઈશ્યૂની સાઈઝમાં રૂ. ૧,૫૦૦ મિલિયન સુધીનો ઘટાડો થયો છે અને એ મુજબ, ફ્રેશ ઈશ્યૂની સાઈઝ રૂ. ૪,૫૦૦ મિલિયન થઈ છે.

બિડ લઘુત્તમ ૨૫૦ ઈક્વિટી શેર માટે અને પછી ૨૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.